૬

અગરિયાની ૦૫ આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ માટે દિવ્યાંગો માટે ૫% જગ્યાઓ અનામત રાખવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૨૨૦૨૧/૨૯૨૨૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૧/૦૮/૨૦૨૧

**વંચાણે લીધાઃ-**

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૧/૦૫/૧૯૮૭નો ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૮૫/૧૮૦/(૮૬)/હ-સેલ

(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૨/૦૧/૧૯૯૩નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૨૯૨/૨૨૦૧/ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના તા.૦૩/૦૯/૨૦૨૦ના પત્ર ક્રમાંક :16-4/CCD/2018/

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૧૦/૨૦૨૦ના પત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૩૬૭૮૪૧/છ-૧

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૫/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક/આનિશા/૨૦૨૦-૨૧/૧૭૯

**આમુખઃ-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ વિવિધ વર્ગોના સામાજિક, આર્થિક તથા શૈક્ષણિક ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ અમલમાં છે. આદર્શ નિવાસી શાળામાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને ભણવાની અને રહેવાની સુવિધા આપવામાં આવે છે. વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી અનુસૂચિત જાતિ/ જનજાતિ તેમજ વિકસતી જાતિઓના વિદ્યાર્થીઓના આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ માટે જગ્યાઓનું પ્રમાણ નક્કી કરેલ છે તથા વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી અગરિયાના વિદ્યાર્થીઓ માટે નિવાસી શાળા શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા

(P.T.O.)

ક્રમાંક (૩) પરના ભારત સરકારના પત્રથી રાજ્ય સરકારના તમામ વિભાગોએ તમામ યોજનાઓમાં ૫% દિવ્યાંગો માટે અનામત રાખવા કાર્યવાહી કરવા જણાવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૪) પરના સમાજ સુરક્ષા પ્રભાગના પત્રના મુદ્દા નં.૨ અન્વયે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ એ વંચાણે લીધા ક્રમાંક (૫) પરના પત્રથી અગરિયાની ૦૫ આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ માટે દિવ્યાંગો માટે ૫% જગ્યાઓ અનામત રાખવા માટે દરખાસ્ત કરેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે વિકસતી જાતિ કલ્યાણ હેઠળની અગરિયાની ૦૫ આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ માટે દિવ્યાંગો માટે ૫% જગ્યાઓ અનામત રાખવા નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આદર્શ નિવાસી શાળાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે The Right of Persons With Disabilities Act - 2016 (RPWD Act- 2016) અને સુગમ્ય ભારત અભિયાન હેઠળની ભારત સરકાર / રાજ્ય સરકારની વખતોવખતની જોગવાઇઓ / સૂચનાઓ મુજબ રહેવા યોગ્ય સુવિધાઓ પૂરી પાડવાની રહેશે.

(૨) સમાજ સુરક્ષા ખાતા સાથે સંકલન કરી બહોળી પ્રસિદ્ધિ દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓને વધુ પ્રવેશ આપવાના પ્રયત્નો કરવાના રહેશે.

(૩) આદર્શ નિવાસી શાળાઓ સંબંધિત ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મુખ્યમંત્રીશ્રીની તા.૨૧/૦૮/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કીર્તિ ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૪) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૬) સંયુક્ત સચિવશ્રી(અ.જા.ક.) / નાયબ સચિવશ્રી(સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૮) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)

(૯) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૦) સિલેકટ ફાઇલ